
4




Normal Optic Nerve
સ્વસ્થ આંખની નસ

Early Glaucoma
શરૂઆતનો ઝામર


Advanced Glaucoma
ઝામરથી સુકાયેલી નસ

5


## VISUAL FIELD ANALYSIS




Zeiss Auto Perimeter




Normal Field Analysis



Abnormal Field Analysis



Normal Visual Field
સ્પષ્ટ દ્રષ્ટિ



Abnormal Visual Field
ઝાંખી દ્રષ્ટિ

**ઝામર થવાથી દ્રષ્ટિનો તફાવત**

## ઝામરની સારવાર શક્ય છે.

ઝામરની સારવાર દવાઓ, લેસર પદ્ધતીથી તથા ઓપરેશનથી કરી શકાય છે. ધ્યાનમાં રાખવા જેવી વાત એ છે કે ઝામર ને લીધે જે નસને નુકશાન થાય છે તે પાછુ વાળી શકાતું નથી. તેથી જેટલો જલ્દી ઝામરનો રોગ પકડાય તથા જેટલો નિયમિત અને જલ્દી તેને કાબુમાં કરવામાં આવે તેટલો, વધારે દર્દીને ફાયદો થાય છે.

## ઝામરની સારવાર

**૧. દવાઓથી** **૨. લેસરથી** **૩. ઓપરેશનથી**

(જરૂર પડે ઝામરનો વાલ્વ (Implant) પણ મુકવામાં આવે છે.

આ ત્રણ વિકલ્પો થી ઝામરની સારવાર થાય છે. ઝામરની સારવાર કઈ રીતે કરવી તેનો નિર્ણય આંખના નિષ્ણાંત ડોક્ટર નીચેના પરિબળોને ધ્યાનમાં રાખીને લે છે.

૧. કયા પ્રકારનું ઝામર.
૨. કયા સ્ટેજ નો ઝામર.
૩. ઝામરના લીધે કેટલું નુકશાન થયું છે.
૪. અગાઉ ઉપયોગમાં લીધેલી દવાઓની અસર.
૫. ઝામર થવાના રીસ્ક ફેક્ટરો.
૬. દર્દીની આર્થીક અને સામાજીક સ્થિતી.
૭. દર્દીનું ઝામર વિશે નું જ્ઞાન અને દવા પાડવાની નિયમીતતા.

ઝામરનું નિદાન જેટલું જલ્દી થાય તથા તેને યોગ્ય રીતે કાબુમાં રાખવામાં આવે તથા દર્દી નિયમીત ઝામરની તપાસ કરાવે તો આંખની દ્રષ્ટિ સુરક્ષિત રહે છે.

**ભારતી આઈ ક્લીનીક**
**Retina Center**

એ/૨, નિકીતા ફ્લેટ, એરોમા સ્કૂલની બાજુમાં, આશ્રમ રોડ, ઉસ્માનપુરા,
અમદાવાદ-૧૩. ફોન : ૨૭૫૫૨૩૧૪, (M) ૯૯૦૪૭૩૮૮૮૫
Email : urmilshah2010@gmail.com

SAVE YOUR SIGHT



# ઝામર
# Glaucoma


**Dr. Urmil M. Shah**
MBBS, DO, DNB (Gold Medalist), FNN (VR) FICO (London), FAICO (VR)

**ભારતી આઈ ક્લીનીક**
**Retina Center**

## ઝામર એટલે શું ?

આપણી આંખમાં અમુક ચોક્કસ પ્રમાણમાં દબાણ હોય છે, જે આપણીઆંખના આકાર અને કાર્ય માટે જરૂરી છે, અમુક સંજોગોમાં આ દબાણ વધી જાય, ત્યારે આંખની નસને નુકશાન થાય છે. જેને **ઝામર** કહેવામાં આવે છે. આંખનું સામાન્ય દબાણ ૧૦ થી ૨૧ m.m. Hg. હોય છે.

ઘણી વખત ઓછું દબાણ હોવા છતાં પણ આંખની નસને ઝામરનું નુકશાન થાય છે જેને (Normal tension glaucoma) કે (Low tension glaucoma) કહેવાય છે.



ઝામર થી વધેલો દબાણ

## ઝામર કઈ ઉંમરે થાય ?

મહદ્અંશે ૪૦ વર્ષ પછીથી વસ્તીનો ૨% વ્યક્તિમાં ઝામરની આંખમાં અસર જોવા મળે છે. ઝામર કોઈક વખત નાની ઉંમરમાં પણ થાય છે. નવજાત શિશુમાં તથા ત્રણ વર્ષ સુધીના બાળકમાં થતાં ઝામરને (Congenital / Developmental glaucoma) કહે છે, ૩ થી ૩૫ વર્ષ સુધીમાં થતાં ઝામરના રોગને (Juvenile glaucoma) કહે છે. જુવાનીમાં કે નાના બાળકમાં થતાં ઝામરના રોગની સારવાર માં ઓપરેશનની જરૂરીયાત વધારે હોય છે.

## ઝામરના પ્રકાર


ઝામરના મુખ્યત્વે બે પ્રકાર હોય છે.

૧. મીઠો ઝામર ૨. તીખો ઝામર (કડવો ઝામર)

આંખમાં રહેલ પ્રવાહી જે આંખના દબાણ માટે જવાબદાર હોય છે, તેનો બહાર જવાનો માર્ગ (નિકાસ માર્ગ) સાંકળો થાય ત્યારે તીખા ઝામરના લક્ષણો ઉદ્ભવે છે. નિકાસ માર્ગ મોકળો હોય તો પણ આંખનું દબાણ વધે ત્યારે મીઠો ઝામરના લક્ષણો ઉદ્ભવે છે.




મીઠો ઝામર




તીખો ઝામર

## ઝામરના લક્ષણો

**મીઠા ઝામર**ના દર્દીઓને મહદ્ અંશે કોઈપણ લક્ષણો હોતા નથી. ધીમે ધીમે દબાણને લીધે પાછળની આંખની નસ નબળી પડે છે. જ્યારે દર્દી અન્ય કારણસર કે આંખના નંબરની તપાસ આંખના નિષ્ણાંત ડોક્ટર જોડે કરાવે છે ત્યારે મીઠો ઝામર રોગ પકડાય છે.

**તીખા ઝામર**ના દર્દીને માથુ દુ:ખવું, આંખ લાલ થવી, પાણી પડવું, ઝાંખુ દેખાવું, પ્રકાશમાં જોતા કલર કુંડાળા દેખાવા તથા અસહ્ય અડધા માથાનો દુ:ખાવો થવો તથા ઉલટી થાય છે. તેથી દર્દી આંખના નિષ્ણાંત ડોક્ટર ની સલાહ લે ત્યારે તીખો ઝામર રોગ પકડાય છે.

## કોને ઝામર થઈ શકે છે ?

૧. આ બિમારી વારસાગત છે તેથી જે દર્દીઓના કુટુંબમાં ઝામરની બિમારી હોય તેને.
૨. ડાયાબીટીસના દર્દીને.
૩. હાઈ બ્લડપ્રેશરના દર્દીને.
૪. થાઈરોઈડના દર્દીને.
૫. સ્ટીરોઈડ દવાઓના ઉપયોગથી.
૬. આધાશીશીના દર્દીને.
૭. પડદાની લોહીની નળીઓ બ્લોક હોય તેને.
૮. જેને આંખમાં ઈજા થઈ હોય તેને.
૯. ૪૦ વર્ષ પછી ૨% વસ્તીમાં ઝામરની બિમારી હોય છે.

## ઝામરના નિદાન માટે કયા ટેસ્ટ કરવામાં આવે છે ?

૧. આંખના દબાણનું માપ (Applanation tenometry and non conact tonometry)
૨. આંખની કીકી ની જાડાઈ (Pachymetry)
૩. આંખના ઍંગલની તપાસ (Gonioscopy)
૪. આંખની નસ ની તપાસ (Fundoscopy)
૫. આંખની દ્રષ્ટિના ગોળાર્ધની તપાસ (Visual field test)
૬. ઈન્ફ્રારેડ કિરણોના ઉપયોગથી આંખના જ્ઞાનતંતુની તપાસ (O.C.T.)




APPLANATION TONOMETER




NON CONTACT TONOMETER





PACHYMETER





GONIOSCOPE




O.C.T.




Normal EYE • સ્વસ્થ આંખનું O.C.T.




Glaucomatous EYE • ઝામર વાળી આંખનું O.C.T.